

■ એબીજી શિપયાર્ડ લિમિટેડ દ્વારા મગદલ્લા દરિયા કિનારેથી પોલ્યુશન કંટ્રોલ વેસલ્સ એ.બી.જી. ૨૨૧ને શ્રીમતી ત્રિટિ. આર. કોન્ટ્રાક્ટરને હસ્તે લોન્ચ કરવામાં આવ્યું હતું. - જિતેન્દ્ર જડિયા

# એશિયાના સૌપ્રથમ પ્રદૂષણ નિયંત્રણ જહાજની અર્પણવિધિ

## એબીજી શિપયાર્ડ દ્વારા ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ માટે જહાજ તૈયાર કરાયું

**ભાસ્કર ન્યૂઝ. સુરત**

દેશની સૌથી મોટા શિપયાર્ડ કંપની એબીજી શિપયાર્ડ દ્વારા આજે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ માટેના પ્રદૂષણ નિયંત્રણ જહાજની અર્પણવિધિનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જહાજની પ્રથમ સફરનું ઉદ્‌ઘાટન ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના ડિરેક્ટર જનરલ આર.એફ. કોન્ટ્રાક્ટરનાં પત્નીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર રિશી અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ માટે ત્રણ પ્રદૂષણ નિયંત્રણ જહાજ નિર્માણના ઓર્ડર મળ્યા હતા. જે પૈકીનું એશિયાનું સૌપ્રથમ પ્રદૂષણ નિયંત્રણ જહાજ તૈયાર થઈ ચૂક્યું છે. વિશ્વના અદ્યતન એવા આ જહાજને 'સમુદ્ર પ્રહરી' નામ અપાયું છે.

સમુદ્ર પ્રહરીની વિગત આપતાં અગ્રવાલે જણાવ્યું હતું કે, આ જહાજની લંબાઈ ૯૪ મીટર છે અને ૨૦.૫ નોટિકલની ઝડપ ધરાવે છે. સમુદ્ર પ્રહરીમાં ૩૦૦ ટન સ્પીલ્ડ ઓઈલને ભેગુ કરવાની તથા સ્ટોર કરવાની ક્ષમતા છે. પ્રદૂષણ નિયંત્રણ જહાજ ઓઈલને કારણે ઉત્પન્ન થતાં પ્રદૂષણને અટકાવવાનું કામ કરશે. ઉપરાંત કોસ્ટ ગાર્ડના પેટ્રોલિંગ માટે પણ ઉપયોગમાં આવશે. અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે સમુદ્ર પ્રહરીમાં હેલીપેડ બનાવાયું છે, જેમાં ચેતક, એએલએચ અને સીકિંગ જેવા હેલિકોપ્ટરનું લેન્ડિંગ થઈ શકશે.

સમુદ્ર પ્રહરીના લોન્ચિંગને કારણે અન્ય દેશોના કોસ્ટ ગાર્ડ માટે આ પ્રકારના જહાજો બનાવવા માટે એક મોટું માર્કેટ કંપની માટે ઊભું થયું છે, એવો આશાવાદ અગ્રવાલે વ્યક્ત કર્યો હતો. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ માટે તૈયાર કરાયેલા પ્રદૂષણ નિયંત્રણ જહાજ રૂ. ૧૨૩ કરોડ (એક જહાજ દીઠ)માં તૈયાર થયું છે એમ જણાવતા મેનેજિંગ ડિરેક્ટરે કહ્યું હતું કે બાકીના બે જહાજો ૬ મહિનાના અંતરે તૈયાર કરવામાં આવશે.

'સમુદ્ર પ્રહરી'ના અર્પણવિધિ સમારંભમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના ડિરેક્ટર જનરલ આર.એફ. કોન્ટ્રાક્ટર, સુરત પોલીસ કમિશનર આર.એમ.એસ. બ્રાર, ડેપ્યુટી મેયર સુષમા અગ્રવાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.